૫(બ)

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કાર્યક્ષેત્ર હેઠળ આવતા કામો અંગે તા.૧૫-૯-૨૦૦૦ના રોજ મા.એડમીનીસ્ટ્રેટરશ્રીએ નીચે મુજબનો ઠરાવ કર્યો હતો :-

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૫-૯-૨૦૦૦ ના પત્ર નં.સીસાસ/૧૧૭ થી વિદિત થઈ. નગર નિયોજન સમિતિના તા.૧૬-૧૦-૯૯ ના ઠરાવ નં.૬૨/૯૯ થી નગર રચના યોજના નં.૪૭ (ભેસ્તાન) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ અને તેની પ્રસિધ્ધિ સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં તા.૩૦-૧૦-૯૯ ના રોજ તેમજ સ્થાનિક દૈનિકપત્રો "સંદેશ" તથા "નવ ગુજરાત ટાઈમ્સ" માં તા.૨-૧૧-૯૯ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ તથા તેના નિયમો ૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ નગર રચના યોજનાની મુસદ્દો તૈયાર કરી યોજનાથી અસર પામતા હિત સંબંધ ધરાવનારાઓ તરફથી વાંધા/સૂચનો માંગવા નગર નિયોજન સમિતિના તા.૩૦-૬-૨૦૦૦ ના ઠરાવ નં.૫૮/૨૦૦૦ થી મુસદ્દાને પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર બાબતે ઉક્ત કાયદાની જોગવાઈ મુજબ કાર્યવાહી કરી સરકારશ્રીના રાજ્યપત્રમાં તા.૩-૭-૨૦૦૦ ના રોજ અધિસૂચન પ્રસિધ્ધ કરવામાં આવેલ અને સ્થાનિક દૈનિકપત્ર "ગુજરાતમિત્ર" તથા "નવગુજરાત ટાઈમ્સ" માં તા.૫-૭-૨૦૦૦ ના રોજ અધિસૂચન પ્રસિધ્ધ કરી વાંધા/સૂચનો મંગાવવામાં આવેલ છે. જે અન્વયે સમયમર્યાદામાં આવેલ વાંધા/સૂચનોની અભ્યાસ કરી તે મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૭ (ભેસ્તાન) તૈયાર કરવામાં આવેલ છે. જેથી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૪૭ (ભેસ્તાન) ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીની મંજુરી મેળવવા માટે સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**એડમીનીસ્ટ્રેટર (કોર્પોરેશન) ઠરાવ નં.૧૫૫/૨૦૦૦ મંજુર.**

/૯ ખાતા નં. ૫૪
... થી નોંધ કરી.
સ.ર. મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,
નોંધણી ક્રમાંક ૨૨૧૧.

ઈ.ચા.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.
તા.૧૫-૯-૨૦૦૦.

Mehta......

MC/SMC